સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૫૫

કોઇ અનામતના કાર્ડે ખેલે છે જુગાર!
કોઇ હિંદુત્વના પત્તાંથી ખેલે છે જુગાર!
ખેલે જુગાર કોઇ મુસ્લિમોની પંપાળીને -
કારાવાસના કસબીઓ ખેલે છે જુગાર!
(શકુનીઓ ની રાજરમત)

નજર સૌની -
- ટેન્ડર-મલાઇની,
મટકી પર!

મોંઘવારીના
કાળીનાગ પર નાચે -
મન-મોહન

હાઈકુ

ચિંતન

અન્તર્ગતમલો દુષ્ટ સ્તીર્થ સ્નાન શતૈરપિ ।
ન શુધ્યતિ યથા ભાંડ સુરાયા દાહિતં ચ યત્ ॥

'જે દુષ્ટ-દુર્જનનું અંતઃકરણ કામવાસના આદિ જેવા મળ, દુર્ગુણોથી ભરેલું હોય તેવો મનુષ્ય ભલેને સેંકડોવાર તીર્થયાત્રાઓ અને તીર્થસ્થાન કરે તો પણ તે શુદ્ધ-પવિત્ર થઇ જતો નથી. જેમ દારૂ-મદિરા રાખવાના વાસણને આગ ઉપર પણ રાખવામાં આવે તો પણ તે 'શુદ્ધ' થઇ જતું નથી.'

વ્યક્તિનું મન, આચાર-વિચાર, અંતઃકરણથી શુદ્ધ હોવા જોઇએ, માણસ હૃદયથી જ નિખાલસ શુદ્ધ-નિર્દોષ-પવિત્ર હોવો જોઇએ.

નિષ્ટકપટી, ધર્મમય, સત્યપથ જ ચાલનાર વ્યક્તિનું હૃદય-મન-વિચાર શુદ્ધ જ હોય એને કોઇ યાત્રાધામ કે પવિત્ર નદીઓમાં જઇ પવિત્ર થવાની જરૂર રહેતી નથી એનું અંતકરણ-હૃદય જ પવિત્ર અને શુદ્ધ હોય છે. કપટી ક્રોધી અને લાલચી માણસ યાત્રા પ્રવાસમાં જાય તો ત્યાં પણ સહપ્રવાસીઓ -આયોજકો અને વ્યવસ્થાપકો સાથે ઝઘડા કરી પોતે તો 'અશાંત' થાય પણ સહપ્રવાસીઓની શાંતિ પણ ડહોળી નાખે છે.

સંત સ્વભાવના યાત્રિક ક્રોધ કરતા નથી, ક્ષમાભાવ લઇ 'પ્રવિત્ર' થવા જતા હોય છે, માત્ર સ્નાન-દર્શન કરવાથી પવિત્ર-શુદ્ધ થઇ જવાતું નથી.

સુવિચાર

- ઇશ્વરની સેવા કરો સારા કિર્તનથી, ઇન્સાનની સેવા કરો સારા વર્તનથી - સ્વામિ રામતીર્થ
- ઇશ્વરને મેળવવા બહાર ન ભટકશો.. પોતાને સારા અને સાત્ત્વિક બનાવો કે ઇશ્વર ખુદ આપની પાસે આવે - સંત તુકારામ
- વિનમ્ર અને નિષ્ઠા શ્રેષ્ઠ રક્ષકો છે, એમના સિવાય પ્રત્યેક પગલું જોખમ છે.. અને એમની સાથેનું દરેક પગલું વિજય તરફનું પ્રયાણ છે - બર્નાર્ડ શો
- મહત્ત્વાકાંક્ષા વગરની આવડત એ પેટ્રોલ વિનાની કાર જેવી છે - જર્મન કહેવત
- જે અનુભવ વણવપરાયેલો છે.. તે નુકશાનકારક છે... - કાન્તિ ભટ્ટ
- જ્યાં સુધી એક વ્યક્તિ એ સમજી લે છે કે એના પિતા સાચા હતા ત્યાં સુધીમાં એ પોતે પણ એક પિતા બની ચૂક્યો હોય છે - જ્યો હેનરી
- વિવેક પ્રકાશ ને જ્યારે કોઇ ભાષા લિપિમાં બાંધીએ છીએ ત્યારે 'ગ્રંથ' રચાય છે, અને વિવેક પ્રકાશને કોઇક જીવનમાં જીવાતું જોઇએ એને 'સંત' કહીએ છીએ - શાહબુદ્દીન રાઠોડ

બોધ કથા

'પ્રત્યાઘાત' અને 'પ્રતિભાવ' શબ્દોમાં મોટો તફાવત છે કોઇ આપણને ગાળ દે, બુરૂં બોલે તેની સામે વિચાર્યા વિના એનાથી પણ વધારે ભૂંડી ગાળ ફટ લઇને ચોડી દઇએ તે પ્રત્યાઘાત. અને કોઇ આપણને પુસ્તક આપે તે સંપૂર્ણ પણે - ધ્યાનપૂર્વક ચિંતન-મનન કર્યા પછી જે અભિપ્રાય બાંધીએ તેને 'પ્રતિભાવ' કહેવાય. કેટલાક માણસો પુરી વાર સાંભળ્યા સમજ્યા વિના, પૂર્વાપર સંબંધથી વાકેફ થયા વિના જ પોતાને મત-પ્રત્યાઘાત આપી દેતા હોય છે.

ટ્રેનમાં સામસામી પાટલી પર બે યુગલ બેઠાં હતાં એક નવપરણિત શિક્ષિત યુગલ હતું બીજું પાકટ અને એક પુત્ર સાથેનું હતું. પુત્ર બારી પાસે બેસી પ્રકૃતિને માણતો હતો. નદી-પાણી-વૃક્ષો જોઇ જોઇ બૂમ બરાડા સાથે ચીખતો હતો. (બાળક પાંચ-છ વર્ષનું જ હતું)

સામે બેઠેલાં નવ પરણિત યુગલને બાળક ખલેલ તો પહોંચાડતું જ હતું પણ તેની વિચિત્ર હરકતો પણ તેને અસહ્ય લાગતી હતી. ત્યાં વરસાદ થયો ટ્રેનની બારીમાંથી વાછંટ આવવા લાગી, બાળકને ખૂબ જ આશ્ચર્ય થયું, પાણી કોણ નાખે છે, કેમ નાખે છે વગેરે પ્રશ્નો પૂછવા લાગ્યો.

સામે બેઠેલી યુવાન સ્ત્રીએ પ્રત્યાઘાત આપતાં કહ્યું તમે તમારા બાળકને કોઇ 'માનસિક રોગ' ના ડોક્ટરને બતાવો. આ ઉમરે તેને ઘણી બાબતોનો ખ્યાલ નથી અને વિચિત્ર અભિવ્યક્તિ કરે છે!

સામે બેઠેલી 'મા' એ જવાબ દીધો એ પ્રજ્ઞાચક્ષુ હતો ગયા અઠવાડિયે જ તેને ચક્ષુદાન દ્વારા 'દૃષ્ટિ' મળી છે. નવપરણિત દંપતિએ ક્ષોભ પામી ક્ષમા માગી.

Email - sureshchandrabhatt18@gmail.com

માધવને જઈ કોઈ કહેજો કે એક વાર બોલાવે ગોકુળની નાર

આજે શ્રાવણી આઠમ. ભગવાન શ્રીકૃષ્ણની જન્મતિથિ. લાલજીનો જન્મ બુધવારે મધરાતે થયો હતો. આજે ઘણાંય વર્ષો પછી જન્માષ્ટમીનું પર્વ બુધવારે આવ્યું છે. બુધ કરે શુભ, એમ કહેવામાં આવે છે. આ શુભ દિવસ - શુભ પર્વ - શુભ તિથિ મંગલકારી છે. બાલકૃષ્ણનું મથુરાના કારાગારમાં જન્મ પછી તરત ગોકુળમાં આગમન થાય છે. અહીં લાલજી બરાબર ૧૨ વર્ષ રહે છે અને નંદલાલા અને યશોદા મૈયા સહિત સૌ ગોપ-ગોપીઓને સાનિધ્યસુખ વહેંચે છે. આજે આપણા માટે આનંદ વહેંચવાનો અવસર.

ભગવાન શ્રીકૃષ્ણ અને ભગવાન શ્રીરામનું જીવન-કવન હજારો વર્ષા પછી પણ સમસ્ત માનવજાતને પ્રેરણાનાં પિયુષ પીવડાવતું રહ્યું છે. સૌથી મહત્વનું નિરીક્ષણ એ કે ભગવાન શ્રીકૃષ્ણ એક વાર જ્યાંથી નીકળ્યા, ત્યાં ફરી કદી પાછા ફર્યા નથી. જ્યારે ભગવાન શ્રીરામ જ્યાંથી નીકળ્યા ત્યાં પાછા ફર્યા છે. લાલજીએ ગોકુળ છોડ્યું ત્યારે તેમની ઉંમર ૧૨ વર્ષની છે. લાલજીનો ૧૨ વર્ષનો ગોકુળનિવાસ અને ભગવાન શ્રીરામનો ૧૪ વર્ષનો વનવાસ. ભગવાન શ્રીકૃષ્ણ કારાગારથી ગોકુળ પધારે છે, એ પછી ગોકુળ છોડીને મથુરા જાય છે, ત્યારથી લઈને લાલજી ફરી પાછા ક્યારેય ગોકુળ પધાર્યા નથી. મથુરામાં કંસને પરાસ્ત કરીને મા-બાપને બંધનમુક્ત કર્યા પછી લાલજી - સ્વસ્તિ પંથામ્ - આગળ વધે છે. હસ્તિનાપુર, કુરુક્ષેત્ર અને દ્વારકા. લાલજી કદીય પૂર્વોત્તર રથળે પાછા ફર્યા નથી. ભક્તિસૂત્ર પ્રમાણે લાલજી સર્વત્ર હાજર છે. બાલકૃષ્ણ ગોકુળમાં છે, મથુરામાં છે, દ્વારકામાં પણ છે. અત્ર, તત્ર, સર્વત્ર. ભગવાન શ્રીરામનું જીવનચક્ર વર્તુળાકાર રચે છે - અયોધ્યાથી વાયા લંકા થઈને અયોધ્યા.

પ્રસ્તુત ગીતનું રસદર્શન કરાવવાનો આશય નથી. પરંતુ લાલજીના નિર્ગમન પછી ગોકુળ સૂનું પડી ગયું છે. લાલજી સાથે પ્રેમલક્ષણા ભક્તિભાવથી રાધાજી અને ગોપ-ગોપીઓ જોડાયેલાં છે. લાલજીની રાસલીલા હોય કે કદમ્બની ડાળે હિંચવાની ધન્ય ક્ષણો. એમાં ભક્તિભાવનો અર્ક છે. કાલીય નાગદમન અને ટચલી આંગળીએ ગોવર્ધન ઊઠાવી લેવાનો પ્રસંગ. સર્વજીવહિતાવહ સુખની સ્મૃતિ આપવાની વાત છે. ગોકુળમાં લાલજીએ દ્દ૪ લક્ષ દેવી-દેવતાઓના પ્રતીકરુપ ગાય - કામધેનુનો મહિમા મંડિત કર્યો છે.

રાધા-કૃષ્ણ. બેઉ વચ્ચે સખ્યભાવ છે. બાલકૃષ્ણ કરતા તો રાધાજી વયની રીતે ઘણાં મોટાં છે. દિવ્ય પ્રેમનું આ દૃષ્ટાન્ત છે. આ પ્રેમ ભૌતિક યા દૈહિક નથી, આધ્યાત્મિક પ્રેમ છે, પ્રેમલક્ષણા ભક્તિ છે. લાલજીએ તો ૧૨ વર્ષની વયે ગોકુળ છોડી દીધા પછી કદીય પાછા ફર્યા નથી. રાધાજીએ લાલજીને જોયા છે એ માત્ર ૧૨ વર્ષ સુધીના લાલજી છે. રાધાજીનો પછી કદીય શ્રીકૃષ્ણ સાથે મેળાપ થયો નથી. પારલૌકિક ભક્તિ થકી જ ભક્તજનો ભગવાનનું નામ-સ્મરણ કરતી વેળા સૌપ્રથમ રાધાજીને સ્મરે છે : "રાધેકૃષ્ણ". ગોપીઓ પણ કોઈ સાધારણ જીવ નથી. અનેક જન્મોના તપોબળયુક્ત ઋષિમુનિઓ છે કે જેમણે ભગવાન પ્રસન્ન થયા ત્યારે તેમના સાનિધ્યમાં રહીને ભક્તિ કરવા મળે એ માટે ભગવાનના અવતારવેળા સ્ત્રીજન્મનું વરદાન માગ્યું. વૃંદાવનની રાસલીલા એટલે જીવ અને શિવનું મિલન. પ્રત્યેક ગોપીઓને લાલજી પોતાની સાથે રાસે રમતા દેખાય છે. "અંતર નહીં, સ્થિતિ અનંતાઃ"

ભગવાન શ્રીકૃષ્ણને સોળ હજાર રાણી છે. સોળ હજાર કન્યા સાથે લગ્ન. એમાં પણ અનેક જીવોનાં કલ્યાણની કામના જ છે. જે રાક્ષસ સુંદર રાજકુમારીઓ - રાણીઓ - કન્યાઓનું અપહરણ કરીને પોતાના તાબામાં રાખતો હતો, એનો સંહાર કરીને ભગવાને એ સોળ હજાર સુંદરીઓને મુક્ત કરાવી. જેમાંની ઘણી સુંદરીઓ વયના વાર્ધક્યના આરે પહોંચેલી પણ છે. એ તમામને સ્વીકારવા ખુદ એમના જ પરિવારજનોએ ઈનકાર કર્યો અને ભગવાન શ્રીકૃષ્ણએ એમને અપનાવી લીધી અને માન-સન્માન તથા સામાજિક સુરક્ષા પ્રદાન કરી. આ છે સમભાવ અને મમભાવ. શ્રીમદ ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ બ્રહ્મરુપ થઈને પરબ્રહ્મની ભક્તિ કરવાનો ઉપદેશ આપે છે. દોષ ઓગાળી શકાય અને સ્વ-ભાવ મૂકી શકાય ત્યારે ભગવદ્પ્રાપ્તિ થાય છે.

ભગવાન તો અજન્મા છે, અમરા છે. છતા ભગવાન અવતાર ધારણ કરે છે અને લીલા-ચેષ્ટાઓ કરે છે. એમાં પણ કર્મફળનો ઉપદેશ સમાયેલો છે. દેહત્યાગ માટે ભગવાને ગુજરાતની દ્વારિકાનગરીની ભૂમિ પસંદ કરી. એક સામાન્ય પારધિનું બાણ સ્વીકારીને ભગવાન પૃથ્વી ઉપરથી પોતાની લીલા સંકેલી લે છે. અવતારી પુરુષ ભગવાન શ્રીકૃષ્ણને દુર્વાસા મુનિનું વચન હતું કે તેમને પગના તળિયા સિવાય શરીરના કોઈ પણ ભાગે, કોઈ પણ અસ્ત્ર-શસ્ત્ર છેદી-ભેદી યા મારી શકશે નહીં.

સમી સાંજનો સમય છે. ભગવાન પીપળાના વૃક્ષ તળે પગ ઉપર પગ ચઢાવીને (ડાબા પગ ઉપર જમણો પગ રાખીને) આરામની પળો માણી રહ્યા છે. મંદ મંદ વાયુવિંઝણો વાય છે. ભગવાન પીળા પિતાંબરમાં શોભાયમાન છે, પરંતુ દૂરથી પારધિને વૃક્ષ-વેલીઓ વચ્ચે હરણ જેવા જીવનો આભાસ થાય છે. પારધિ તીર કમાન ઉપર ગોઠવીને પણછ ખેંચે છે અને તીર ભગવાનના પગના તળિયા વાટે શરીરમાં પ્રવેશ કરે છે. પારધિ નજીક જઈને જુએ છે ને પોતાની ભૂલ સમજાય છે. પરમકૃપાળુ તો પારધિને સ્વર્ગલોકનું વરદાન આપે છે. અનંત જીવોનું કલ્યાણ. ભગવાનની આ છે સમદૃષ્ટિ.

સ્ટોપર :
"મય્યાવેશ્ય મનો યે માં નિત્યયુક્તા ઉપાસતે
શ્રદ્દ્યા પરયોપેતાસ્તે મે યુક્તતમા મતાઃ"

ભગવાન શ્રીકૃષ્ણએ શ્રીમદ્ ભગવદ્ ગીતાના ૧૨ અધ્યાય "ભક્તિયોગ"ના દ્વિતિય શ્લોકમાં કહ્યું છે કે "મારામાં મનને એકાગ્ર કરીને નિરંતર મારા ભજન-ધ્યાનમાં રત રહેતા જે ભક્તજન અતિ શ્રેષ્ઠ શ્રદ્ધાથી મને, સગુણરુપ પરમેશ્વરને ભજે છે, એમને હું યોગીઓમાં પણ અતિ ઉત્તમ યોગી માનું છું."

સમાપ્ત

ગીત

માધવને જઈ કોઈ કહેજો કે એક વાર બોલાવે ગોકુળની નાર,
આંખલડી ચોરીને ભાગ્યા તે ભાગ્યા, રે ભાગ્યા છો યમુનાને પાર. માધવને ૦
મહી-માખણ અહીં સૂનાં પડ્યાં, અરે! સૂનમૂન છે લાગણીનાં પૂર,
બંસીનાં નાદ નથી, કોઈને ભાન નથી, મૂંગાં પડ્યાં નૂપુર.
એવું તે દ્વારકામાં શું'ય જડ્યું કે જેની તોલે ના આવું હું લગાર? માધવને ૦
ગોકુળની શેરીઓ સૂની પડી ને હીબકે ચઢ્યું છે આખું ગામ,
હૈયેને હોઠે નિશ દિન રમતું રહે છે, કાન્હાનું - વ્હાલાનું નામ.
આવીને એક વાર રાસે રમો, બેઠો છે ઘેલો શ્રાવણિયો ચોધાર. માધવને ૦

- દિનેશ દેસાઈ (કાવ્યસંગ્રહ "પ્રેમઝરુખો"માંથી)



ભગવાન શ્રીકૃષ્ણ અને ભગવાન શ્રીરામનું જીવન-કવન હજારો વર્ષા પછી પણ સમસ્ત માનવજાતને પ્રેરણાનાં પિયુષ પીવડાવતું રહ્યું છે, સૌથી મહત્વનું નિરીક્ષણ એ કે ભગવાન શ્રીકૃષ્ણ એક વાર જ્યાંથી નીકળ્યા, ત્યાં ફરી કદી પાછા ફર્યા નથી, જ્યારે ભગવાન શ્રીરામ જ્યાંથી નીકળ્યા ત્યાં પાછા ફર્યા છે

કૃષ્ણથી સુંદર વિશ્વમાં કોઇ નથી, વિશ્વની સઘળી સુંદરતાનો સરવાળો એટલે કૃષ્ણ, કૃષ્ણ એટલે પ્રેમ અને પ્રેમ એટલે કૃષ્ણ, કૃષ્ણ એટલે સંગીત અને સંગીત એટલે કૃષ્ણ

કૃષ્ણં વન્દે જગદ્ગુરમ્

- ડો. કાન્તિભાઈ પ્રજાપતિ

જગતની દરેક સમૃદ્ધ, વિચારશીલ અને પ્રગતિશીલ પ્રજાને પોતીકા લાગે તેવાં 'લાર્જર ધેન લાઇફ', 'કાલ્પનિક-સુપર હીરો'ની જરૂર છે. ભારતમાં છેલ્લા હજારો વર્ષોથી કૃષ્ણએ આ સ્થાન શોભાવ્યું છે.

કૃષ્ણ એટલે શું? આ પ્રશ્નનો ઉત્તર શોધવા જઈએ તો આપણી બુદ્ધિની મર્યાદામાં ન આવે તે કૃષ્ણ, માનવી માત્રના મન કે બુદ્ધિનો ગજ શ્રીકૃષ્ણને પામવા માટે ટૂંકો જ પડ્યો છે એને માટે વેદના શબ્દો વાપરીએ તો 'ન ભૂતો ન ભવિષ્યતિ' એના જેવો કોઇ જન્મ્યો પણ નથી અને જનમશે પણ નહીં, આ અતિશયોક્તિ નથી નરી વાસ્તવિકતા છે. શ્રીકૃષ્ણને શોધવા એટલે મીઠાની પૂતળી સાગરનું માપ કાઢવા જાય એવી સ્થિતિ છે. એ અંદર પડે પછી ઓગળી જાય, એનું અસ્તિત્વ જ ન રહે પછી એ સાગરને પામવાની હતી. શ્રીકૃષ્ણને શોધવા એટલે...

અમાસની અંધારી રાતે અંધ માણસ અંધારા ઓરડામાં કાળી બિલાડીને ઓશે તેવું કામ છે!

કર્ષતિ આકર્ષયતિ ઈતિ કૃષ્ણ : જે બધાને પોતાની તરફ ખેંચે તે કૃષ્ણ. સૌંદર્ય પામતાં પહેલાં સુંદર તો બનવું જ પડે. શ્રીકૃષ્ણને પામતા પહેલાં મીરા, ગોપી, રાધા કે પ્રહલાદ તો બનવું જ પડે. જ્યાં સુધી જીવનમાં કૃષ્ણતા જન્મે નહિં, કૃષ્ણ કોન્સિયસનેસ પેદા થાય નહીં ત્યાં સુધી કૃષ્ણ કયાંથી પામી શકાય.

ભારતીય ઇતિહાસ અને પુરાણો આવાં અનેક ઉદાહરણોથી ભરેલાં છે. ગોપીઓ માટે ભાગવત કહે છે કે ગોપીઓ શ્રીકૃષ્ણમાં તન્મય બની તેમનાં મન કૃષ્ણમાં પરોવાઈ ગયાં, તેમનાં આલાપો, વાર્તાલાપો કેવળ કૃષ્ણના બન્યા, તેમની ચેષ્ટાઓ, ક્રિયાઓ કૃષ્ણ કેન્દ્ર બની, તેમનો આત્મા કૃષ્ણમાં પરોવાઈ ગયા તેઓ કૃષ્ણના ગુણો જ ગાવા લાગી પરિણામે તેમને પોતાનાં ઘર પણ યાદ આવ્યાં નહીં, પણ જયારે ગોપીઓમાં અહંકાર જન્મે છે કે કૃષ્ણ તો આપણી સાથે જ ત્યારે શ્રીકૃષ્ણ તેમનાંથી દૂર જાય છે. જયારે ગોપીઓનો અહંકાર ઓગળી જાય છે પછી કૃષ્ણ 'એક ગોપી બીચ એક કાના' ગોપીઓ સાથે રાસ લીલા કરે છે.

કૃષ્ણથી સુંદર વિશ્વમાં કોઇ નથી, વિશ્વની સઘળી સુંદરતાનો સરવાળો એટલે કૃષ્ણ, કૃષ્ણ એટલે પ્રેમ અને પ્રેમ એટલે કૃષ્ણ, કૃષ્ણ એટલે સંગીત અને સંગીત એટલે કૃષ્ણ. 'કાના બિન ગાના કયાં' એવા વાકયો કૃષ્ણ માટે વાપરી શકાય. ભતૃહરિ એ કહ્યું છે કે, જે મનુષ્યના જીવનમાં સાહિત્ય, સંગીત અને કલા આ ત્રિવેણી સંગમ કૃષ્ણમાં પામી શકાય છે.

શ્રીકૃષ્ણની સૌથી મોટી વિશેષતા એ છે કે કોઇનેય પારકા કે પરાયા લાગતા નથી, બાળકોને શ્રીકૃષ્ણની નટખટતા ગમે છે, રસિકજનોને શ્રીકૃષ્ણની રાસલીલાઓ, યોદ્ધાઓને કૃષ્ણનું સારથિપણું, ગોપીભાવ ધરાવતી મહિલાઓને શ્રીકૃષ્ણની પવિત્ર છેડછાડ ગમે છે, યોગેશ્વરોને કૃષ્ણના કર્મયોગમાં રૂચિ છે, સાધુસંતોને કૃષ્ણના વચનામૃતો પ્રેરણા આપે છે, મૃત્યુના આરે ઉભેલા લોકોને કૃષ્ણની 'આત્મા અમર' છે ની વાત આશ્વાસન આપે છે. શ્રીકૃષ્ણે મુખમાં બંસરી ધારણકરી રાસલીલા રચી જયારે સુદર્શન ચક્રધારી અનિષ્ઠ અધર્મ અને આતંકવાદી રાક્ષસોની સંહારલીલા કરે.

કૃષ્ણ જરૂર જણાય ત્યારે કદંમ વૃક્ષ બેસી ગોપીઓનાં કપડાં લઈ લે અને જનસમાજને સંદેશ આપે કે આવી ખુલ્લી જગ્યાએ સ્નાન થઈ શકે નહિ, યમુનાના ધરામાં કાલિયા નાગને મારીને પર્યાવરણની જાળવણીનો સંદેશો આપ્યો છે. કૃષ્ણ જરૂર જણાય ત્યારે દ્રૌપદીનાં ચીર પૂરે, જરૂર જણાય ત્યારે મૌન રહે જરૂર જણાય ત્યારે રણમધ્યે અર્જુનને ગીતા કહે, જરૂર જણાય ત્યારે વાંસલી અને જરૂર પડ્યે સુદર્શન ઉપાડે.

શ્રીકૃષ્ણના નવરંગી વ્યક્તિત્વની યશકલગી એટલે મોરપીંચ્છ, નરસિંહ મહેતાએ કહ્યું છે કે,

'પ્રેમરસ પામે તુ મોરવા પીંછધર
તત્ત્વને હુંપણું તૃચ્છ લાગે'

સ્વતંત્ર ઘનશ્યામ અને વસ્ત્ર પરિધાન કરે પીંતાબર, ઘનશ્યામ અને પીતાંબરમાં શ્યામ અને પીતળા રંગમાં જ કોન્સટાસ્ટ છે તે અદભૂત ગળામાં વૈજંતી માલા, દુનિયાનો સૌથી મોંઘો કૌસ્તુભ મણિએ ધારણ કરે છે.

ભારતીય દર્શનની વિશેષણા એ છે કે સૌંદર્યને એણે દેવત્વ આપ્યું છે. આમ દેવત્વ પામેલ સૌંદર્ય જયારે મનમાં વસી જાય પછી બીજાને માટે ત્યાં સ્થાન કયાંથી હોય, આ સમયે કબીર યાદ આવી જાય 'પ્રેમ ગલી અતિ સાંકરી પામેં હોવ સમાય', પ્રભુમાં પ્રેમ થાય એટલે સંસાર ભૂલાઈ જાય કેવળ પ્રભુમય જ થવાય, પ્રભુમય થયા પછી કૃષ્ણ સિવાય બીજું કંઇ ન કહેવાય મીરાં એ કહ્યું કે,

'લાલી મેરે લાલકી, જિત દેખું તીત લાલ
લાલી દેખન મેં ગઇ મેં ભી હો ગઇ લાલ'

મીરાં પણ આવી જ કૃષ્ણતા - કૃષ્ણ કોન્સિયસનેસ હતી એને નાચવું પડતું ન હોતું એ 'મેરે તો ગિરિધર ગોપાલ દૂસરા ન કોઇ' કહેતાં આપોઆપ નાસી ઉઠતી પછી કોઇ મેવાડનો રાણો ઝેર આપે અને કહે કે આ કૃષ્ણનો પ્રસાદ છે 'કૃષ્ણનો પ્રસાદ' એટલે એટલો શબ્દ કાને પડતાં સીધો જ તેને લઈને મોં માં સરકાવી દે કારણ કે કૃષ્ણ એનું સર્વસ્વ હતા. કૃષ્ણતા, કૃષ્ણમયતા એ એનું જીવન હતું. અસ્તિત્વ હતું. બસ કૃષ્ણને પામવો છે તો કૃષ્ણતા કેળવો અને કૃષ્ણતા પામશે ત્યારે આ સમગ્ર સંસાર અસાર બનશે પછી 'મને જગ લાગ્યો ખારો રે' એવું આપોઆપ બોલાઈ જશે.

કૃષ્ણમાં વિનમ્રતા છે. વિનમ્રતા માટે કહ્યું છે કે,

'જુકતા હૈ જિસમેં જાન હોતી હૈ, અકડ મુડદે કી પહચાન હોતી હૈ'

યુધિષ્ઠિરે કરેલા રાજસૂય યજ્ઞનાં અંતે સંતોને હાથપગ ધોવરાવી એઠાં પતરાળાં ઉપાડે છે.

મહાભારતના યુદ્ધ પ્રસંગે કૌરવ પક્ષે વડીલ ભીશ્મને દુર્યોધન આશીર્વાદ આપવાનું કહે છે. ભીષ્મ, દુર્યોધનની રાણી ભાનુમતીને 'અખંડ સૌભાગ્યવતી'નું વરદાન આપવા બોલાવે છે. શ્રીકૃષ્ણને આ વાતની જાણ થતાં જ રાત્રે દ્રૌપદીના અંતઃપુરમાં જઈ ભાનુમતી પહોંચે એ પહેલાં પહોંચવા જણાવે છે જતી વખતે દ્રૌપદી પાસે રત્નજડીત મોજડી પહેરેલી હોય છે મોજડીને કૃષ્ણ ઉપાડી લે છે. એ દિવસે કૃષ્ણની કૃપાથી ભાનુમતીને મળનાર આશીર્વાદ દ્રૌપદીને મળે છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

સાંજે ઓફિસેથી નીકળતી વખતે ફરી તેને એમ લાગવા માંડ્યું કે હવે ફરી એ આ ઓફિસમાં પાછો નહીં આવે, તેથી ઓફિસ અને ઓફિસનાં સૌ મિત્રોને છેલ્લીવાર જોઈ લેવાની ઈચ્છા મનમાં જાગી

નવાં ક્લેવર

- નટવર હેડાઉ

હાલમાં થયેલ અકસ્માતે તેને એટલો ડરાવી દીધો હતો કે હવે ક્યાંક પણ જવાની તેની હિંમત જ થતી ન હતી.

છેલ્લા થોડા દિવસોથી અનેક અકસ્માતો એ રીતે થઇ રહ્યા હતા જેના કારણે સામાન્ય માણસના મનમાં એક ભય દિન પ્રતિનિધિ વધતો જતો હતો.. તે પણ એક સામાન્ય માણસ હતો. તેને પણ ડર લાગવા લાગ્યો હતો. હવે મોટા ભાગે તેને એક જ વિચાર આવતા કે હવે ક્યાંક જવું સલામત નથી. બસ ટ્રેન કે વિમાનમાં મુસાફરી કરતાં ગમે ત્યારે ગમે ત્યાં અચાનક અકસ્માત થઇ શકે છે. પુર ઝડપે દોડતી બસ ગમે તે જીપ કે ટ્રકની સાથે અથડાઇ શકે છે. ટ્રેનનું એન્જિન કે ડબ્બા પાટા પરથી ઉતરી શકે છે. વિમાનને અચાનક આગ લાગી શકે છે કે ગમે ત્યાં તુટી પડે એવું પણ બની શકે છે. આ પ્રકારના અજ્ઞાત ભયથી તેણે ઘરની બહાર નીકળવાનું બંધ કરી દીધું હતું. પોતાની ઓફીસે પણ એ પેદલ ચાલીને જતો. જેના માટે તેને પહેલાં કરતાં વધારે સમય લાગ્યો.

આ દિવસો દરમિયાન સાહેબ તેને ઓફિસના કામે મુંબઇ જવાનો ઓર્ડર કર્યો. એ સાંભળીને તેની આંખો સામે અંધકાર છવાવા લાગ્યો.

સાહેબે તેને પોતાની કેબિનમાં બોલાવીકહ્યું કનૈયાલાલ કાલે જ તમારે અહીંથી નીકળવાનું છે. સાંજની ગાડીમાં જતો. બીજે દિવસે સવારમાં મુંબઇ પહોંચી જશો. ઓફિસની અમુક માહિતી ત્યાંથી તમારે લાવવાની છે, ત્યાંથી તે જ દિવસે રાતની ગાડી પકડી પાછા આવી જવાનું છે મેં તમારા આવવા જવાની ટિકીટોની વ્યવસ્થા કરાવી દીધી છે.

તેને એમ થયું કે સાહેબને ચોખ્ખે ચોખ્ખું કહી દઉં કે હું મુંબઇ નહીં જાઉં. પણ પછી વિચાર્યું કે સાહેબ કારણ પુછશે તો શું કહીશ? તે ચુપ રહ્યો. ચોક્કસ કારણ વગર સાહેબ તેની વાત માનશે નહીં. તેથી મન મનાવીને ભારે મન સાથે તે સાહેબની કેબિનની બહાર આવ્યો.

આખો દિવસ અસંમજસમાં પસાર થયો.

રાતે પથારીમાં સુતાં સુતાં નિંદર આવ્યા પહેલાં. તેની આંખો સામે અકસ્માતનાં અનેક દૃશ્યો તરવરી રહ્યા. તેણે જોયું કે જે ટ્રેનમાં એ મુંબઇ જઇ રહ્ય છે તેને એક્સીડેન્ટ થયો છે. કેટલાક લોકો મરી ગયા. કેટલાય ઘાયલ થયાં છે. ચારે બાજુ અંધકાર છવાયેલો છે. કંઇ દેખાતું નથી. બસ લોકોના ચિત્કારો અને બુમાબુમ સંભળાય છે. તેણે જોયું કે અકસ્માતમાં મારૂં પણ મરણ થયું છે.

તેને આખી રાત ઊંઘ ન આવી. તેને પડખાં ફેરવતો જોઇ પત્નીએ પુછ્યું તો કહ્યું કંઇ કારણ નથી. બસ ઊંઘ આવતી નથી. તે અસમંજસમાં હતો કે પત્નીને પોતાના મનની વાત કરવી કે નહીં. તેને એમ થયું કે કારણ જાણીને પત્ની હસસે અને તે પત્ની આગળ નીચો લાગશે.

ઘણીવાર સુધી વિચાર કર્યા પછી તેને નિશ્ચય કર્યો કે પત્નીને કંઇ કહેવું નથી. બસ કાલે મારે મુંબઇ જવાનું છે. એમ કહી તે સુવાનો પ્રયત્ન કરવા લાગ્યો.

સવારે ઓફિસે આવી તેણે સાહેબ પાસે કામ અંગે જરૂરી માહિતી લઇ લીધી. પછી તે પોતાના કામે લાગી ગયો. તેના મનમાં ઉત્પન્ન થયેલા ડરને લીધે તે ઓફિસની કોઇ કામમાં મન પરોવી ન શક્યો. બધાં કામ જાણે તે યંત્રવત કરતો હતો. કેટલીયે વાર તેને મનમાં થયું કે ઓફિસના તેના મિત્રોને મનની વાત કરે. એમ કરવાથી કદાચ તેના મનનો બોજ હળવો થઇ જાય. અથવા તેમની પાસેથી કંઇક માર્ગદર્શન મળી જાય. પણ પાછું તેને એવો વિચાર આવ્યો કે તેની વાત સાંભળીને બધા તેની મજાક ઉડાવશે. તેને ભણેલ ગણેલ નહીં પણ બુદ્ધુ ગામડીયો કહેશે. તેમાંથી કોઇ તેને જવાનું કેન્સલ કરવાની પણ સલાહ આપે. ત્યારે તેણે શું કરવાનું?

આ બધું વિચારતાં વિચારતાં એકવાર તો તેણે એમ પણ નક્કી કર્યું કે જવાનું તે રદ કરી દેશે. તેણે વિચાર્યું કે જે વાતમાં જરા સરખી પણ શંકા ઉત્પન્ન થતી હોય તેનાથી છૂટકારો મેળવવો જરૂરી છે. હમણાં થયેલ વિમાની અકસ્માત બાબતે પણ તેણે એવું જ સાંભળ્યું હતું. એક ભાઇનાં હાથમાંથી જતી વખતે રહાનો કપ પડી ગયેલો. આ અપશુકન બાબતે તેણે પોતાના સગાં સંબંધીઓને પણ વાત કરી હતી. બધાં એ તેને એ વિમાનમાં જ જવાની સલાહ આપેલી. પણ કોઇની વાત માની નહીં અને વિમાની અકસ્માતમાં તેને જીવ ખોવો પડ્યો.

આ ઘટના યાદ આવતાં તેને નિશ્ચય કરી લીધો કે કોઇ પણ સંજોગોમાં તે મુંબઇ નહીં જાય. તે પોતાના સાહેબને બધું સાચે સાચું કહી દેશે. પણ વિચાર્યું. ના... ના... કંઇ કહેવું નથી. અકારણ પોતાનું અપમાન થશે. તે કોઇ બહાનું કાઢી જવાનો પ્રોગ્રામ રદ્દ કરાવી દેશે. પણ તુરંત તેણે પોતાની જાતને સમજાવી કે ભણેલ ગણેલ લોકો આવી શૈકાઓ અને ભ્રમમાં પડે નહીં! પોતે પણ તેમાં નહીં પડે. તે જશે. જરૂરથી જશે. મૃત્યુનો ભય તો કાયર લોકો રાખે. નિડર હોય તે હસતાં હસતાં મોતને પણ ગળે લગાવે.

સમય વિતતો ચાલ્યો. મનને દૃઢ કરતાં કરતાં બાકીનો સમય તેણે ઓફિસ કામમાંજ વિતાવ્યો, કદાચ એમ વિચાર્યું કે મગજ નવરૂં પડશે. તો નબળા